## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હું પહેલા આટલો ભ્રષ્ટ ન હતો, ભૂલ એ થઈ ગઈ કે હું ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં જોડાઈ ગયો...



## સે-૨૨માં ખાનગી ટ્રક જમીનમાં ખુંપી ગઈ

નગરમાં જયાં જુઓ ત્યાં ખાડા નજરે પડી રહ્યા છે. શહેરમાં જરુયાત મુજબ ખોદકામ કર્યા બાદ કોઈ યોગ્ય પુરાણ કરવામાં આવતુ નથી.જેનો ભોગ સામાન્ય નાગરીકે બનવું પડે છે. ત્યારે ગતરોજ સાંજના સુમારે પંચદેવ મંદિરથી રંગમંચ તરફ જઈ રહેલી ટ્રક અચાનક માટીમાં ખુંપી ગઈ હતી. ટ્રક એટલી હદે અંદર ખુંપી ગઈ હતી કે તેને બહાર નીકાળવુ મુશ્કેલ બની ગયું હતું. શહેરમાં પાણી, ગટર, સ્ટ્રોમ વોટર, વિજલાઈન, ટેલીફોન, ઈન્ટરનેટ સહિતના અંડર ગ્રાઉન્ડ વાયરીંગના કામ ચાલી રહ્યા છે. ત્યારે શહેરમાં યોગ્ય પુરાણ ન થતા આ સમસ્યાઓ સર્જાય છે.

# રણાસણ સર્કલ પાસેથી ચોરી કરેલી રીક્ષા સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એલસીબીની ટીમ ગતરોજ અમદાવાદ એસપી રીંગરોજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે અમદાવાદના શહેર કોટડા વિસ્તારમાંથી રીક્ષાની ચોરી કરીને ભાગી ગયેલો આરોપી હાલ રણાસણ સર્કલ ખાતે આવેલી ગગન હોટલની સામેના રોડ ઉપર ઉભો છે તેવી બાતમી ગાંધીનગર એલસીબીના અ.હે.કો. રણજીતસિંહ સરદારસિંહ તેમજ પો.કો.જીગ્નેશકુમાર કનુભાઈને મળી હતી. જેને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને આરોપી મેહુલ ગોવિંદ પરમાર રહે. હાલ. નિર્મલ સોસાયટી ત્રિકમલાલની ચાલી મ.નં. અ-૧૯ વોરાના રોઝા પાસે સરસપુર અમદાવાદ મુળ રહે. ઓરણ ગામ તા. પ્રાંતિજ જિલ્લો.સાબરકાંઠા ને પકડી પાડ્યો હતો. આ શખ્સની પુછપરછ કરતા પોતે પાંચેક માસ અગાઉ જી.સી.એસ હોસ્પિટલ ખાતે થી રાત્રીના સમયે રીક્ષા નં. જી.જે.૨૭.-૯૫૧ ની ચોરી કરી હતી. અને પોતાના અંગત કામમાં જ વાપરતો હતો. ગત ડિસેમ્બર માસમાં તે ઓરણ થી અમદાવાદ આવી રહ્યો હતો. તે દરમિયાન ચંદ્રાલા પાસે પોતાની રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. તે સમયે તે રીક્ષા મુકીને જતો રહ્યો હોવાનું રટણ કરી રહ્યો છે. આ શખ્સે ચોરી કરેલી રીક્ષાની રેકર્ડ પર ખાતરી કરતા શહેર કોટલડાપોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંદાયેલો છે. આ રીક્ષા અગાઉ એલસીબી પોલીસ દ્વારા ડિસેમ્બર ૨૦૧૮ દરમિયાન બિનવારસી હાલતમાં કબ્જે કરી હતી અને શહેર કોટડા પોસીમસ મથક ખાતે સોંપવામાં આવી હતી.





ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી ગુજરાત રાજ્ય અધ્યક્ષ અશ્વિન ત્રિવેદીના જણાવ્યા મુજબ તાજેતરમાં વલસાડ જિલ્લામાં પ્રાણી જીવદયા અંગેની સંસ્થા ચલાવતા રાજેશ હસ્તીમલ શાહ નામના વ્યક્તિ તથા કેટલાંક અસામાજિક તત્વો દ્વારા ઘેટાં-બકરાંનું પશુપાલન કરી ગુજરાતન ચલાવતા પશુપાલકો જે ટ્રાન્સપોર્ટની ગાડીઓ દ્વારા મુંબઈ તથા થાણેમાં બકરાં વેચી ગુજરાન ચલાવે છે. તેમની જબરદસ્તી ગાડી રોકી ડ્રાઈવર તથા પશુપાલકને ધમકી આપી તેમની પાસે ગ્રામ પંચાયતનો પત્ર, પરમીટ સર્ટિફિકેટ તથા ટ્રાન્સપોર્ટ ચલણ હોવા છતાં ખોટો ગુનો પોલીસ ચોપડે નોંધાવી તેમના પશુઓને પાંજરાપોળમાં પુરી દેવાયાં છે. એફ ડીસીડબલ્યુસી દ્વારા પશુપાલકોને આ પ્રકારની વ્યક્તિઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી પશુપાલકોને ન્યાય આપવા રાજ્યના પશુપાલન મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

## બાસણ ગામે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરાયું

બાસણ ગામે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ આર્યુવેદિક ઉકાળાનો ગ્રામજનોએ મોટીસંખ્યામાં લાભ લીધો હતો. અત્યારે હાલ ચાલી રહેલા રોગચાળાની સ્થિતિમાં આર્યુવેદિક ઉકાળો શરીરમાં રહેલી રોગપ્રતિકારક શકિતમાં વધારો કરે છે.

# જિલ્લા કોંગ્રેસ દ્વારા 'ઘર ઘર કોંગ્રેસ એપ'નું લોન્ચીંગ કરાયું

ગાંધીનગર, તા. ૬

આધુનીક જમાનો એટલે ટેકનોલોજીનો જમાનો. ટેકનોલોજીના માધ્યમ દ્વારા માનવીએ ખુબજ પ્રગતિ કરેલ છે. આ વાતને આગળ લઈ જઈ લોકશાહિને મજબુત બનાવવા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા કોંગ્રેસના ચુનંદા કાર્યકરો પ્રત્યેક બુથના પ્રત્યેક મતદારનો સંપર્ક કરી તે મતદારોને ચૂટણીના દિવસે બુથ સુધી પહોચે તેમજ મતદાનથી વંચિત ન રહે તેવા આશયથી આજરોજ તા. ૬-૩-૨૦૧૯, બુધવાર, પંચાયત પરીષદ, સે-૧૭, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે "ઘર ઘર કોંગ્રેસ એપ" લોંચીગ કાર્યક્રમ યોજાયો હતો. સદર કાર્યક્રમની સાથે સાથે ગાંધીનગર લોકસભા વિસ્તારના ચુનંદા કાર્યકરો માટે વધુમા વધુ મતદારોને ચૂટંણીના દિવસે કેવીરીતે મતદાન મથક સુધી લાવી મતદાન કરાવી સકાય તે અંગેના તાલિમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ. સદર કાર્યક્રમમા ધારાસ્ભય સુરેશભાઇ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન ચૌધરી, ધારાસભ્ય સુરેશભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીતભાઇ વ્યાસ, શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ, પ્રદેશમંત્રી મંદાકીનીબેન પટેલ, જયદિપસિંહ ઠાકોર, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, રામાજી ઠાકોર, ભરતભાઇ પટેલ, એલ.એન પરમાર, ભાવિનસિંહ ઠાકોર સહિતના જિલ્લા અને શહેર કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# માણસા ખાતે યોજાયેલ આરોગ્ય મેળામાં ૧૬૨૩ લાભાર્થીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે માણસાની સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય મેળાને સાંસદ સભ્ય શ્રી જયશ્રીબેન પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ આરોગ્ય મેળામાં જનરલ રોગના ૩૦૪, હાડકાના રોગોના ૨૨૩, આંખના રોગોના ૧૭૨, સ્ત્રી રોગના ૯૭, બાળરોગના ૯૧, ચામડી રોગના ૧૦૨, સજરીના ૩૬ તેમજ અન્ય રોગોના ૫૯૮ મળી કુલ- ૧૬૨૩ લાભાર્થીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો. આ મેળામાં ૧૬ મા વાસલ્યકાર્ડ પણ કાઢી આપવામાં આવ્યા હતા.



## અડાલજ પાસેથી નાસતા-ફરતા આરોપીને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.એમ.પટેલ અને વી.કે.રાઠોડની ટીમના જવાનો અડાલજ પાસે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા સુરેન્દ્રસિંહ વિજયસિંહ ને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના કેસમાં નાસતો ફરતો આરોપી ભાથીભા પ્રતાપજી ઝાલા, (દરબાર), રહે. સ્મૃતિ મંદિર સોસાયટી મકાન નં. ૪૫ સુજાતપુર રોડ કડી જી.મહેસાણા, મુળ રહે. ઝીજુવાડા, તા.પાટડી,સ જી.સુરેન્દ્રનગર ને અડાલજ ત્રિ-મંદિર સામેથી મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અડાલજ પોલીસ સ્ટેશનને સોંપેલ છે.

ટચૂકડી જાહેર ખબર

નર્સિંગ સ્ટાફ જોઈએ છે

Female : GNM/ANM

Experience : 1 year

Contact

9408783409

9898073585

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

ટેન્ડર નોટીસ નં.-૧૧ સને ૨૦૧૮-૧૯, (ઈ-ટેન્ડર આઈડી - ૩૫૫૨૩૫)

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી પીવાના પાણીના એનાલીસીસ માટે પાત્રતા ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી "ICPMS-MS" ખરીદ કરવાના કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરોની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. (બોર્ડને કોઈપણ કારણ આપ્યા વિના ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડરની અંદાજીત કિંમત | રૂ. ૧,૯૮,૩૫,૦૦૦/- |
| ૨ | ટેન્ડર ફી અને બાનાની રકમ | રૂ. ૩૬૦૦/- અને રૂ. ૧,૯૮,૩૫૦/- |
| ૩ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ સ્ટાર્ટ તા. | તા. ૫/૩/૨૦૧૯ |
| ૪ | ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૪/૪/૨૦૧૯ ૧૮.૦૦ કલાક સુધી |
| ૫ | પ્રિ-બીડની તારીખ | તા. ૧૫/૩/૨૦૧૯ બપોરે ૧૨.૦૦ કલાકે |

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

માહિતી/૩૧૯૬A/૧૮-૧૯

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઈ-ટેન્ડર નોટીસ - ૨૪ સને ૨૦૧૮-૧૯

આઈ. ડી. નં. ૩૩૫૭૩૨

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની માણસા ભૂગર્ભ ગટર યોજના હેઠળ ગંદા પાણીને ટ્રીટમેન્ટ કરી તેના નિકાલ કરવા માટેનો STP 5.0 MLD રૂ. ૧૧૨૯.૪૯ લાખ માટે સીવીલ, ઈલેક્ટ્રીકલ, મિકેનીકલ પાઈપીંગ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન વર્ક ચાર વર્ષની મરામત અને નિભાવણી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેતી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http:/www.staetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીસનની છેલ્લી તારીખ : ૩/૪/૨૦૧૯ છે જે વેબસાઈટ પર મુકવામાં આવેલ છે અને આ માટે ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે. ફોન નં. ૯૯૭૮૪૦૬૭૪૮

માહિતી/૩૨૨૭/૧૮-૧૯



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

SAFE & SECURE GUJARAT (SASGUJ) PROJECT
તથા
Citizen First Mobile Appનો શુભારંભ
અંતર્ગત
CCTV કેમેરા આધારીત SURVEILLANCE અને
INTEGRATED TRAFFIC MANAGEMENT SYSTEM (ITMS)ના
પ્રથમ તબક્કાનો ૭ જિલ્લામાં
શુભારંભ

દરેક જિલ્લા મથકોને સી.સી.ટી.વી કવરેજ હેઠળ આવરી લેતો દેશનો સૌ પ્રથમ પ્રોજેક્ટ

- ગાંધીનગર, રાજકોટ ગ્રામ્ય, મહેસાણા, બનાસકાંઠા, કચ્છ-પૂર્વ-ગાંધીધામ, બોટાદ, અને નર્મદા એમ ૭ કંટ્રોલરૂમ આજથી શરૂ
- પ્રથમ તબક્કામાં રૂા.૧૮૭ કરોડના ખર્ચે ૩૪ શહેરો અને ૫ ધાર્મિક સ્થળો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને આવરી લેવાશે
- રૂા.૩૩૦ કરોડના ખર્ચે સાસગુજ પ્રોજેક્ટ તૈયાર કરાશે

સાસગુજ પ્રોજેક્ટના લાભા-લાભ

- વ્યાપક દેખરેખ
- સલામત વાતાવરણ મળશે
- ટ્રાફિક નિયમન અને નિયંત્રણ
- ગુન્હાઓમાં ઘટાડો થશે
- પ્રોએક્ટિવ મોનિટરીંગ
- જાહેર અને ખાનગી માલ મિલકતના રક્ષણમાં ઉપયોગી નિવડશે
- પોલીસ કાર્યક્ષમતામાં સુધારો
- આપત્તિ સમયે ઝડપી પ્રતિભાવ
- સલામત વ્યવસ્થા ઉભી થશે

: ઉદ્‌ઘાટક :
શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય,
: વિશેષ ઉપસ્થિતિ :
શ્રી પ્રદિપસિંહજી જાડેજા, ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા.૭.૩.૨૦૧૯, ગુરૂવાર, સમય : સવારે : ૧૧-૦૦ કલાકે
સ્થળ : પોલીસ હેડ ક્વાર્ટર, પાલનપુર, જિ. બનાસકાંઠા

નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

માહિતી ૨૦૧૮-૧૯ (૯૩)

